RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 149* Date: 27.03.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### આશ્ચર્યજનક..! ભાંડુપ વિસ્તારમાં હોસ્પિટલ મોલના ત્રીજા માળે હતી

# મુંબઇમાં કોરોના હોસ્પિટલમાં આગ ભભૂકી: ૧૦ના મોત

### ચોથા માળે આવેલી હોસ્પિટલમાંથી ૭૦ દર્દીઓનું રેસ્ક્યૂ કરાતા જીવ બચ્યા, આગ લાગી ત્યારે કોરોના ૭૬ દર્દી સારવાર લઇ રહ્યાં હતા





મુંબઇ,તા.૨૬

કોરોનાની સૌથી ભયંકર સ્થિતિનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના મુંબઈમાં આગની એક ગોઝારી ઘટનાએ ૧૦ લોકોના જીવ લીધા છે. મુંબઈના ભાંડુપમાં કોરોના હોસ્પિટલમાં આગ ભભૂકી ઉઠતા ૧૦ દર્દીઓના કરૂણ મોત નિપજ્યા છે. મુંબઈના ભાંડુપ વિસ્તારમાં આવેલા ડ્રીમ મોલમાં ત્રીજા માળે આવેલી ખાનગી હોસ્પિટલમાં આગ લાગી હતી. ૧૨ કલાકથી આ આગ પર કાબુ મેળવી શકાયો નથી.

કોવિડ હોસ્પિટલાં જયારે આગ લાગી તે સમયે હોસ્પિટલમાં ૭૦થી વધુ દર્દીઓ હતા. જેમાં મોટા ભાગના કોરોનાના દર્દીઓ હતા. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ મદદ માટે દોડી આવી હતી. ફાયર વિભાગ દ્વારા દર્દીઓને બચાવી લેવાની કામગીરી ચાલી રહી છે.

મુખ્યમંત્રી ઠાકરેએ મૃતકોના પરિજનો માટે ૫ લાખની સહાયની પણ જાહેરાત કરી અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની પણ તકેદારી રાખવાની વાત કરી. તેમણે કહ્યું કે હું તમને ખાતરી આપું છું કે જે કોઈનો પણ દોષ હશે તેમને સજા કરવામાંઆવશે. હું છેલ્લા એક વર્ષથી કોરોનાની સામે લડી રહ્યો છું. જયારે રાજયમાં મહામારી ત્રાટકી ત્યારે ખૂબ જ ઓછા બેડ અને વેન્ટિલેટર્સ હતા પરંતુ અમે અમારી લડત ચાલુ રાખી અને હંગામી હોસ્પિટલ ઊભી કરી દીધી.

આગને લઈને મુંબઇના મેયરે કહ્યું હતું, કે હજુ સુધી આગ કયા કારણોસર લાગી તેની માહિતી પ્રાપ્ત થઈ નથી. મેં મોલમાં પહેલીવાર કોઈ હોસ્પિટલ જોઇ છે, જવાબદારો સામે સખ્ત પગલાં લેવામાં આવશે. આગ લાગવાના કારણે ૧૦ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રના સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. હોસ્પિટલના જે હિસ્સામાં આગ લાગી હતી ત્યાં ૧૨ કલાક બાદ પણ આગ પર કાબૂ મેળવી શકાયો નથી. ૨૦થી વધુ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો છે.

આ હોસ્પિટલમાં કોરોના સંક્રમિતો સહિત ૭૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો હાલ ઘટના સ્થળ પર હાજર છે, સાથે સાથે પોલીસનો પણ કાફલો પહોંચ્યો છે .તેમજ હોસ્પિટલમાં રહેલા તમામ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે.

આગમાં ફસાયેલા ૯૦થી ૯૫ ટકા દર્દીઓને બચાવી લેવામાં આવ્યા છે તેમ છતાં મૃતકઆંક હજુ ઉંચો જઈ શકે છે. આગ લાગવાનું કારણ જાણવા તપાસના નિર્દેશ આપવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ હોસ્પિટલમાં ૭૬ દર્દીઓ દાખલ હતા જેમાંથી ૭૩ કોરોનાથી સંક્રમિત હતા.

મુંબઈના મેયર કિશોરી પેડનેકરે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનું નીરિક્ષણ કર્યું હતું અને મોલમાં આ પ્રકારને હોસ્પિટલ કાર્યરત હોવા અંગે તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. મેયરના જણાવ્યા મુજબ તેમણે મોલમાં કોઈ હોસ્પિટલ ચાલતી હોય તેવું પ્રથમ વખત જોયું છે. તમામ જવાબદારો સામે પગલાં લેવામાં આવશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું. આ પહેલા ગત વર્ષે ૨૭ નવેમ્બરના રોજ ગુજરાતનાં રાજકોટ જિલ્લામાં એક કોવિડ હોસ્પીટલમાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં પાંચ કોરોનાના દર્દીઓના મૃત્યુ થયા હતા. હોસ્પિટલમાં ૩૩ કોરોનાના દર્દીઓની સારવાર ચાલી રહી હતી. મશીનરીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું કારણ જણાવવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અંગે તપાસના આદેશ આપ્યા હતા.

## કોરોના કહેર વચ્ચે આજે પ.બંગાળ અને આસામમાં પ્રથમ તબક્કાનું મતદાન

કોલકાત્તા/ગૌહાટી૨૬

પશ્ચિમ બંગાળમાં ૨૭ માર્ચે પ્રથમ તબક્કા હેઠળ ૩૦ વિધાનસભા બેઠકો પર મતદાન થવાનું છે. પ્રથમ તબક્કાની આ ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે પાંચ વાગ્યે સમાપ્ત થઇ ગયો હતો. ૩૦ વિધાનસભા બેઠકોમાં આદિવાસીઓની વધુ વસ્તી ધરાવતા પુરૂલિયા, પંકુરા, ઝાડગમ, પૂર્વ મિદનાપુર(ભાગ-૧) અને પશ્ચિમ મિદનાપુર(ભાગ-૧)નો સમાવેશ થાય છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ, ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડા, સ્મૃતિ ઈરાની સહિતના સ્ટાર પ્રચારકોએ પ્રચાર કર્યો હતો.

આસામમાં પણ ૨૭ માર્ચે પ્રથમ તબક્કા હેઠળ ૪૭ વિધાનસભા બેઠકો પર મતદાન થવાનું છે. પ્રથમ તબક્કાની આ ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે પાંચ વાગ્યે સમાપ્ત થઇ ગયો હતો. શનિવારે થનારા મતદાનમાં ૨૬૪ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે.

આસામના ચૂંટણી પ્રચારમાં સીટિઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૯નો અમલનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. જે પી નડ્ડાએ સીએએનો અમલ કરવાનું નિવેદન આપ્યા પછી સમગ્ર રાજયમાં મોટા પ્રમાણમાં દેખાવો થયા હતાં. આ દેખાવોમાં રાજકીય પક્ષો અને વિદ્યાર્થી સંગઠન એએએસયુએ પણ ભાગ લીધો હતો.

બીજી તરફ કોંગ્રેસે વચન આપ્યું છે કે જો તે સત્તામાં આવશે તો તે સીએએનો અમલ કરશે નહીં. ભાજપ આસામમાં આસામ ગણ પરિષદ(એજીપી) સાથે મળીને ચૂંટણી લડી રહ્યો છે. આ દરમિયાન પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની ચૂંટણીના બે દિવસ અગાઉ એક આઈએએસ અને ચાર આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

### ભારતમાં સૌથી ઝડપી ૫ જ દિવસમાં એક્ટિવ કેસનો આંકડો ૩થી ૪ લાખ થયો

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૯ હજાર કેસ નોધાયા, ૨૫૭ લોકોના મોત



ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોના વાયરસની ભારતમાં એન્ટ્રીને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે પરંતુ હજુ તેનો પ્રકોપ ઘટ્યો હોય તેવું લાગતું નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૯ હજારથી વધુ દર્દીઓ નોંધાયા છે જે ખરેખર ચિંતાજનક વાત છે. છેલ્લા પાંચ મહિનામાં દેશમાં એક દિવસમાં સૌથી વધુ નોંધાયેલા કેસનો આંકડો છે. આ સાથે જ એકવાર ફરીથી દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા પણ ચાર લાખને પાર ગઈ છે. દેશમાં પાંચ જ દિવસમાં એક્ટિવ કેસની સંખ્યા એક લાખને પાર ગઈ. સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. આ ઉપરાંત ગુજરાત,પંજાબ સહિત અનેક રાજ્યોમાં કોરોના વકરી રહ્યો છે. રાજયો અને કેન્દ્ર સરકાર પોતપોતાના સ્તરે કોરોનાને કાબૂમાં લેવા માટે જરૂરી પગલાં લઈ રહી છે. ૨૯ માર્ચે હોળી છે જેને લઈને લગભગ મોટા ભાગના રાજ્ય સરકારોએ હોળીના જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા ૫૯,૧૧૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૧૮,૪૬,૬૫૨ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૧૨,૬૪,૬૩૭ લોકો સાજા થઈ ગયા છે જ્યારે ૪,૨૧,૦૬૬ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૫૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૬૦,૯૪૯ પર પહોંચી ગયો છે. પૂરપાટ ઝડપે ચાલતા રસીકરણ હેઠળ અત્યાર સુધીમાં ૫,૫૫,૦૪,૪૪૦ લોકોને રસી આપવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણ ખુબ વધી રહ્યું છે. જયારે પંજાબ, કેરળ, કર્ણાટક, ગુજરાત અને છત્તીસગઢમાં પણ કોરોના સંક્રમણ રોકેટ ગતિથી વધી રહ્યું છે. આ છ રાજયોમાંથી ૮૧ ટકા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં પણ કોરોના વધી રહ્યો છે. આ રાજયોમાં જો હોળી સમયે ધ્યાન ન રખાયું તો કોરોનાનો પ્રકોપ વધી શકે છે.

૨૮ દિવસના સમયમાં પાછલા વર્ષે મૃત્યુઆંક ૪૦૦થી ૬૦૩ પર પહોંચ્યો હતો. જોકે, આ વખતે તે મંગળવારે વધીને ૨૭૬ પર પહોંચ્યો હતો. જોકે, કેસમાં જે રીતે માર્ચમાં ઉછાળો આવ્યો છે તેની સાથે મૃત્યુઆંકમાં પણ વધારો નોંધાયો છે.

મહારાષ્ટ્રમાં કોરોનાનો સૌથી વધુ પ્રકોપ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૫,૯૫૨ કેસ નોંધાયા છે. આ સાથે રાજયમાં કુલ કેસનો આંકડો ૨૬,૦૦,૮૩૩ પર પહોંચી ગયો છે. જેમાંથી ૨૨,૮૩,૦૩૭ લોકો ડિસ્ચાર્જ થયા છે. જયારે ૨,૬૨,૬૮૫ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક દિવસમાં ૧૧૧ લોકોના કોરોનાથી મોત થયા છે. રાજયમાં કોરોનાથી મોતનો આંકડો ૫૩,૭૯૫ પર પહોંચી ગયો છે. મુંબઈની વાત કરીએ તો મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૦૪ નવા દર્દીઓ નોંધાયા છે. જયારે ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા પાંચ દિવસની વાત કરીએ તો કોરોનાના કેસ જબરદસ્ત રોકેટ સ્પીડે વધ્યા છે.

### ખેડૂત નેતા રાકેશ ટિકૈત ગુજરાત આવશેઃ પાલનપુર,બારડોલીમાં કિસાન સભા સંબોધશે

ન્યુ દિલ્હી,તા.૨૬

ખેડૂત નેતા રાકેશ ટિકૈત ગુજરાત આવશે. રાકેશ ટિકૈત ૨ દિવસીય ગુજરાત પ્રવાસે આવશે. સંયુક્ત કિસાન મોરચાની પ્રેસ કોન્ફરન્સ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ખેડૂત નેતા રાકેશ ટિકૈત ગુજરાત આવશે. રાકેશ ટિકૈત ૨ દિવસીય ગુજરાત પ્રવાસે આવશે.

રાકેશ ટિકૈત ૪ અને ૫ એપ્રિલના રોજ ગુજરાતના પ્રવાસે છે જેમાં ટિકૈત ૪ એપ્રિલના અંબાજી દર્શન કરી પ્રવાસની શરૂઆત કરશે. રાકેશ ટિકૈત પાલનપુર ખાતે કિસાન સંમેલન યોજશે.

ટિકૈત ઊંઝામાં ઉમિયા માતા મંદિરે પણ શિશ ઝુકાવશે અને ૫ એપ્રિલના ગાંધી આશ્રમની મુલાકાત લેશે. રાકેશ ટિકૈત ૫ એપ્રિલના કરમસદ સરદાર સ્મારકની પણ મુલાકાત લેશે અને બારડોલીમાં કિસાન સંમેલન પણ સંબોધશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૨૧૯૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૯૬૨૩૦

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦૬

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૧૪૨૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૮૧૮૦૭

## ફાઈઝર, બાયોટેકે શરૂ કરી બાળકો પર કોરોના વેક્સિનની ટ્રાયલ

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારત સહિત વિશ્વભરમાં કોરોના વાયરસે ફરી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. આ સાથે જ વેક્સિનેશન અભિયાન પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે અમેરિકન વેક્સિન ઉત્પાદક કંપની ફાઈઝર ઈંક અને બાયોટેક એસઈ દ્વારા ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં વેક્સિનનું ટ્રાયલ શરૂ કરી દેવામાં આવ્યું છે.

એવું માનવામાં આવે છે કે, વેક્સિનેશન માટેની ઉંમર ૨૦૨૨ સુધીમાં એક્સપાન્ડ કરી દેવામાં આવશે. ફાઈઝરના પ્રવક્તા શેરોન કૈસ્ટિલોના કહેવા પ્રમાણે વેક્સિનેશનના પ્રારંભિક તબક્કામાં બુધવારે પહેલા વોલન્ટિયરને વેક્સિન આપવામાં આવી હતી. આના પહેલા મૉડર્નાએ અમેરિકામાં બાળકો પર વેક્સિન ટ્રાયલ શરૂ કરી હતી જેને કિડકવ નામ આપવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત અમેરિકા અને કેનેડામાં ૬ મહિનાથી લઈને ૧૧ વર્ષની ઉંમર ધરાવતા ૬,૭૫૦ બાળકોને ટ્રાયલ માટે રજિસ્ટર કરવામાં આવ્યા છે.

ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યુટ પણ બાળકો માટે વેક્સિન લાવવાની તૈયારીમાં છે. આ વેક્સિન બાળકોને તેમના જન્મના એક મહિનાની અંદર આપવામાં આવશે. ઉપરાંત ભવિષ્યમાં કંપની આ વેક્સિનને દવા તરીકે પણ વિકસિત કરશે જેથી કોરોનાથી સંક્રમિત બાળકોને તે આપી શકાય.

### વડાપ્રધાને ઢાકાના રાષ્ટ્રીય શહીદ સ્મારક ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપી

## બાંગ્લાદેશની આઝાદી માટે હું પણ જેલમાં ગયો હતો: મોદી

ઢાકા,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય પ્રવાસ પર બાંગ્લાદેશ પહોંચ્યા છે અહીં તેમણે ઢાકાના નેશનલ પરેડ સ્ક્વેયરમાં યોજાયેલા નેશનલ ડે પ્રોગ્રામમાં ભાગ લીધો છે. તેમની સાથે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના પણ ઉપસ્થિત રહ્યા છે. કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ વર્ષે ભારત-બાંગ્લાદેશ મિત્રતાના ૫૦ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે હું યુવા હતો અને ત્યારે બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ સાથે જોડાયેલ એક આંદોલનનો ભાગ બન્યો હતો. આ માટે જેલ પણ ગયો હતો. તેમણે કહ્યું કે બાંગ્લાદેશની આઝાદી માટેની તડપ ભારતમાં પણ હતી. પાકિસ્તાનની સેનાએ જે અત્યાચાર કર્યા તે તસવીર વિચલિત કરનારી હતી. જેણે ઘણા દિવસો સુધી ઉંઘવા દીધા ન હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ અબ્દુલ હામિદ જી, પ્રધાનમંત્રી શેખ હસીના અને બાંગ્લાદેશના લોકોનો આભાર વ્યક્ત કરું છું. તમે આ સમારોહમાં આવવા માટે ભારતને આમંત્રણ આપ્યું છે. બંગબંધુએ બાંગ્લાદેશ અને અહીંના લોકો માટે પોતાનું જીવન ન્યોછાવર કરી દીધુ. ભારતીયો માટે ગૌરવની વાત એ છે કે તેમને ગાંધી શાંતિ સન્માન આપવાની આ તક મળી છે.

વડાપ્રધાન મોદીએ રહ્યું કે હું આજે યાદ કરી રહ્યો છું કે બાંગ્લાદેશના જે લાખો દિકરા-દિકરીઓને જેમને પોતાના દેશ, ભાષા તથા સંસ્કૃતિ માટે અસંખ્ય અત્યાચાર સહન કર્યાં. બલિદાન આપ્યા. પોતાનું જીવન દાવ પર લગાવી દીધું. બાંગ્લાદેશની સ્વતંત્રતાના સંઘર્ષમાં સામેલ થવું તે મારા જીવનના પહેલા આંદોલનો પૈકી એક હતું. તે સમયે મારી ઉંમર ૨૦-૨૨ વર્ષ હશે. પાકિસ્તાનની સેનાએ અહીં લોકો પર અત્યાચાર કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોઈપણ તાકાત બાંગ્લાદેશને ગુલામ બનાવી શકે નહીં. તેમણે કહ્યું કે, જે લોકોને બાંગ્લાદેશના અસ્તિત્વ પર શંકા હતી. બાંગ્લાદેશના લોકોએ તેમને ખોટા સાબિત કર્યા છે. તેમણે કહ્યું કે, બાંગ્લાદેશની આઝાદીમાં ઈન્દિરા ગાંધીનું યોગદાન સર્વવિદિત છે. પીએમ મોદીએ કહ્યું કે, બાંગ્લાદેશની આઝાદીની લડતને ભારતનું સમર્થન પ્રાપ્ત હતું.

હું ભારતીય સેનાના વીર જવાનોને પણ યાદ કરું છું કે જેઓ મુક્તિ યુદ્ધમાં બાંગ્લાદેશના લોકો સાથે ઉભા રહ્યા હતા. તેમણે આઝાદ બાંગ્લાદેશના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. માનેક શા, જનરલ જૈકબ, અલ્બર્ટ એક્કા જેવા અનેક વીર હતા જેમની સાહસની કથાઓ આપણને પ્રેરણા આપે છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાની બીજી લહેર અણધારી વિટંબણાઓ લાવશે કે શું.....?

વિશ્વમાં બીજા ક્રમની સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ ભારતમાં પાંચ કરોડથી વધુ લોકો નું રસીકરણ થઈ ગયું છે તે સાથે અત્યારે પણ દેશભરમાં રસીકરણ માટે ઝડપ વધારી દેવામાં આવી છે... આમ છતાં કોરોનાની બીજી લહેરના કેસો રોજબરોજ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૩,૦૦૦થી વધુ કેસ સામે આવ્યા છે જેમાં ૧૦ રાજ્યોમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. બીજી તરફ દેશમાં નવા કોરોના સ્ટ્રેનનો પ્રવેશ થઇ ગયો છે જે વધુ ઝડપે ફેલાઈ રહ્યો છે જેની સૌથી વધુ અસર મહારાષ્ટ્ર અને પંજાબમાં થવા પામી છે.નવા સ્ટ્રેન અંગે હોસ્પિટલ નર્સિંગ એસો.ના પ્રમુખનું કહેવું છે કે આ નવો કોરોના રેપીડ,આરટીઓ પીસીઆર ટેસ્ટમાં પકડાતો નથી... પરંતુ એચેલટી ટેસ્ટમાં કોરોના પોઝિટીવ જોવા મળે છે. તે સાથે એએમએના પ્રમુખ ડોક્ટર મોના દેસાઈના જણાવ્યા અનુસાર યંગસ્ટર્સ સુપર સ્પ્રેડર બની રહ્યા છે.કોરોનાની ઘાતક લહેરમાં યંગસ્ટર્સ ઘરના સભ્યોને કોરોના ગ્રસ્ત બનાવી શકે છે... તેવી શંકા વ્યક્ત કરી હતી. આ બધી બાબતો વચ્ચે વડાપ્રધાન મોદીજીએ દેશના જે રાજ્યોમાં કોરોના કેસો વધુ હોય અને જરૂર હોય તે સ્થળો શહેરો વગેરેનો કોરોના સ્થિતિ જોઈને લોકડાઉન નાખી શકે છે અને તે સાથે જરૂરી તમામ પ્રકારના પગલાં લઈ શકે છે. આવા રાજ્યોમાં મહારાષ્ટ્રના અનેક નાના-મોટા શહેરો તથા જરૂરી વિસ્તારોમા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે તે સાથે શાળા-કોલેજો પર પાબંધી ફરમાવી દીધી છે, તો પંજાબ રાજસ્થાનમાં પણ આવા પગલા લેવામાં આવ્યા છે. કેટલાક રાજ્યોએ રાત્રી કરફ્યુ જાહેર કરી દીધો છે તે સાથે ગુજરાત અને મધ્ય પ્રદેશે મહારાષ્ટ્રથી આવનારાઓ માટે ૭૨ કલાકની અંદર કરાવેલ નેગેટીવ આરટીઓ પીસીઆર રિપોર્ટ ફરજિયાત બનાવી દીધો છે. અને તોજ પ્રવેશ આપવામાં આવે છે. ગુજરાતમાં એશિયાના સૌથી મોટા માર્કેટયાર્ડે એક સપ્તાહ સ્વયંભૂ બંધ જાહેર કરેલ જેનું નામ ઊંઝા માર્કેટ યાર્ડ છે. જ્યારે કે મોરબીના બગથરા નામના લોકોએ સ્વયંભૂ લોકડાઉન જાહેર કરેલ છે અમદાવાદ ખાતે આઇઆઇએમમાં એકીસાથે ૨૩ કર્મચારીઓ તથા ગાંધીનગરની કોર્ટોમાં ચાર જજ્જ અને ત્રણ કલાર્ક તેમજ એક સ્ટેનોગ્રાફર કોરોનાની ચપેટમાં આવી જતાં ગાંધીનગર કોર્ટ સંકુલમાં ફફડાટ વ્યાપી ગયો છે તથા ધારાસભ્યો, અધિકારીઓ,કર્મચારીઓ પણ કોરોનાની ચપેટમા આવી ગયા છે....આવા સમયે ગાંધીનગર મનપાની ચૂંટણી યોજાવા જઇ રહી છે જે કારણે ગાંધીનગરમાં મતદાન ઓછું થવાની શક્યતા વધી પડી છે....! ઉપરાંત નાગરિક સંગઠને મતદાનનો બહિષ્કાર પણ કર્યો છે. પરિણામો પછી અહીની સ્થિતિ વધુ બગડી શકે તેવી ચિંતા નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે....!

વિશ્વમાં કોરોના પ્રથમ વાર ૨૦૨૦ માં ત્રાટક્યો ત્યારે પોતાની સાથે અનેક ન ધારેલી મુશીબતો સાથે ત્રાટક્યો હતો જેમા વિશ્વના અર્થતંત્રને મોટાપાયે હચમચાવી નાંખ્યું હતુ, કરોડો ધંધા-ઉધોગો,ધંધા, રોજગાર ઠપ્પ કરાવી નાખ્યા હતા,કરોડો લોકોની નોકરીઓ છીનવી લીધી અને કરોડોને મોતના મુખમાં ધકેલી દીધા હતા તો અનેકોને ભૂખથી ટટળાવ્યા હતા, ભારતમાં ૨૦૨૦ ના વર્ષમાં કોરોના લોકડાઉનને કારણે મોટા ભાગનું તંત્ર ઠપ્પ થઇ ગયું હતું. તાજેતરમાં લેબર મિનિસ્ટ્રીના અહેવાલ અનુસાર ૧૦,૧૧૩ કંપનીઓ બંધ થઇ હતી તો ૨૦,૦૦૦ થી ૪૦,૦૦૦ કમાતા ૩.૨૦ કરોડ મધ્યમ વર્ગના પરિવારો ગરીબી રેખાની આસપાસ આવી ગયા છે, ૧.૧૦ કરોડની નોકરીઓ ગઈ હતી. કેન્દ્ર સરકારે અબજો રૂપિયા આમ પ્રજા માટે ખર્ચ કર્યો જેમાં અનાજ સહાય, મેડિકલ સારવાર, સહિતની વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે... ત્યારબાદ કોરોના વેક્સિન પાછળ ખર્ચ કર્યો પરંતુ આખરે ખર્ચ માથે પડ્યો હોય તેવી સ્થિતિ નિર્માણ થવા પામી છે.....! અને તેનું કારણ છે કોરોનાની બીજી લહેર. ગુજરાત સરકારે રૂપિયા ૨૦૦ કરોડનો આમ પ્રજાના હિતાર્થે ખર્ચ કર્યો પરંતુ... પાછા હતા ત્યાંના ત્યાં જેવી સ્થિતિ બની જવા પામી છે....કારણ કોરોનાની બીજી લહેર આકરા પાણીએ ફરી વળી છે. મહાનગરોમાં રાત્રી કર્ફ્યું તથા અનેક વિસ્તારો માઈક્રો કન્ટેનમેન્ટમા, સાથે શહેરી બસ સેવા ઉપર પાબંધી ઉપરાંત રાત્રી એસટી સેવા બંધ કરતાં તેની અસર અનેક નાના-મોટા ધંધા-રોજગાર,કારખાના-નાના ઉદ્યોગો પર થવા પામી છે. તો રાત્રી એસટી પર પાબંધી હોવાથી ગામડેથી કે નાના શહેરમાંથી શહેરમાં નોકરી, ધંધા, રોજગાર માટે આવનારાઓની સ્થિતિ કફોડી બની જવા પામી છે અને જો કોરોના કેસો વધી પડે તો લોકડાઉન જાહેર કરવાની સ્થિતિ આવશે તો....?! આ પ્રશ્ને આમ પ્રજામાં ચિંતા ફરી વળે છે.....!

### ફરીદાબાદની ફાસ્ટ ટ્રેક ટ્રાયલ કોર્ટે માત્ર ૧૨ મિનિટમાં સંભળાવ્યો પોતાનો ચુકાદો

# નિકિતા હત્યાકાંડઃ બે નરાધમોને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી





*ફરીદાબાદ,તા.૨૬*

ફરીદાબાદની ફાસ્ટ ટ્રેક ટ્રાયલ કોર્ટે આજે નિકિતા તોમર હત્યાકાંડના બંને દોષિતો તૌસીફ અને રેહાનને આજીવન કેદની સજા સંભળાવી છે. આની પહેલાં કોર્ટે બુધવારના રોજ તૌસીફ અને રેહાનને નિકિતાની હત્યાના દોષિત ગણાવ્યા હતા. જયારે કેસમાં એક આરોપી અઝહરૂદ્દીનને નિર્દોષ જાહેર કરી દાવેયો. અઝહરૂદ્દીને જ તૌસીફ અને રેહાનને એ પિસ્તોલ આપી હતી જેનાથી નિકિતાનું મર્ડર કરાયું.

ફાસ્ટ ટ્રેક કોર્ટના જજે બુધવારના રોજ ૧૨ મિનિટ સુધી પોતાનો ચુકાદો વાંચ્યો જેમાં તેમણે હત્યાના દોષિત દેશી પિસ્તોલ ઉપલબ્ધ કરાવનાર અઝહરૂદ્દીનને આરોપોમાંથી નિર્દોષ જાહેર કરી દીધો. કોર્ટે તેને સીઆરપીસીની કલમ ૩૪૬ની અંતર્ગત બેલ બોન્ડ ભરવાનું કહ્યું. જો કે પ્રોસિક્યુશન પક્ષે હાઈકોર્ટના દરવાજા ખખડાવશે તો અઝહરૂદ્દીનને પણ કોર્ટમાં હાજર રહેવું પડશે. કોર્ટે તૌસીફને કલમ ૩૦૨, ૩૬૬, ૫૧૧, ૩૪, ૧૨૦બી અને આર્મ્સ એકટની અંતર્ગત દોષિત ગણાવ્યા. સાથો સાથ રેહાનને પણ આર્મ્સ એકટ સિવાય આ તમામ કેસમાં દોષિત ગણાવ્યા.

ઑક્ટોબર ૨૦૨૦ના રોજ જ્યારે ૨૧ વર્ષની બીકોમ ફાઇનલ યરમાં અભ્યાસ કરતી નિકિતા તોમરને સરેઆમ ગોળી મારી દીધી હતી. નિકિતા એ દિવસે પરીક્ષા આપવા માટે કોલેજ ગઇ હતી. ત્યારે તૌસીફ અને રેહાન તેની પાછલ પડ્યા હતા. નિકિતાના પરિવારજનોનું માનીએ તો તૌસીફ છેલ્લાં ઘણા સમયથી નિકિતા સાથે જબરદસ્તી મિત્રતા કરવા માંગતો હતો. તેમનું કહેવું છે કે નિકિતાના લાખ મનાવા છતાંય તૌસીફ સતત નિકિતા પર ધર્મ પરિવર્તન કરવા અને લગ્ન કરવાનું દબાણ કરતો હતો.

હરિયાણાના પોલીસ કમિશનરે માહિતી આપી હતી કે નિકિતાના પરિવારે ૨૦૧૮ની સાલમાં તૌસીફની વિરૂદ્ધ કિડનેપિંગનો કેસ નોંધાવ્યો હતો. બાદમાં તૌસીફના પરિવારવાળોએ આજીજી કરાતં નિકિતાએ આ કેસ પાછો ખેંચી લીધો. આ અંગે નિકિતાના પિતાએ ત્યારે કહ્યું હતુ જ્યારે તૌસીફના સંબંધ રાજકીય ધાક ધરાવતા પરિવાર સાથે હતા. નિકિતાના પિતાએ કહ્યું કે તૌસીફ નિકિતા પર ધર્મ પરિવર્તનનું સતત દબાણ બનાવી રહ્યો હતો.

ફરીદાબાદના બલ્લગગઢમાં કોલેજની બહાર ધોળાદિવસે નિકિતાની હત્યાથી આખા દેશમાં સનસનાટી મચી ગઈ હતી. હત્યા કરતાં પહેલાં બદમાશો નિકિતાને કિડનેપ કરવા માંગતા હતા પરંતુ અસફ રહેતા તેને ગોળી મારી દીધી. પછી તૌસીફ અને રેહાન કારમાં સવાર થઈ ભાગી ગયા. નિકિતાને હોસ્પિટલ લઇ જવાઇ પરંતુ ત્યાં સુધીમાં તો તેનું મોત થઇ ગયું હતું. નિકિતાની સાથે જોર-જબરદસ્તી અને પછી તેને ગોળી મારવાની પૂરી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ હતી આથી પોલીસથી લઇ કોર્ટ સુધીના દોષિતોની ઓળખ કરવામાં ભરપૂર મદદ મળી.

# શેરબજારમાં નવી લેવાલીથી મજબૂતીઃ સેન્સેક્સ ૫૬૮ પોઈન્ટ ઉછળ્યો

મુંબઇ,તા.૨૬

આજે શેરબજારમાં દિવસભર તેજી જોવા મળી હતી. બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૬૮.૩૮ પોઈન્ટ એટલે કે ૧.૧૭ ટકાના વધારા સાથે ૪૯૦૦૮.૫૦ના સ્તરે બંધ થયો હતો. જયારે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફટી ૧૮૨.૪૦ પોઈન્ટ એટલે કે ૧.૨૭ ટકાના વધારા સાથે ૧૪૫૦૭.૩૦ના સ્તરે બંધ થયો હતો. ગયા સપ્તાહે બીએસઈનો ૩૦ શેર વાળો સેન્સેક્સ ૯૩૩.૮૪ પોઈન્ટ એટલે કે ૧.૮૩ ટકા તુટ્યો હતો.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, ટાઈટન, બજાજ ફિનસર્વ અને એશિયન પેઈન્ટ્સના શેરમાં તેજી જોવા મળી હતી. જયારે પાવર ગ્રીડ, યૂપીએલ, ઈચર મોટર્સ, આઈટીસી અને ઈન્ડસઈન્ડ બેંકના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા. આજે શેરબજારની શરૂઆતમાં સેન્સેક્સ ૪૮૭.૪૦ પોઈન્ટ એટલે કે ૧.૦૧ના વધારા સાથે ૪૮૯૨૭.૫૨ના સ્તરે ખુલ્યો હતો. જયારે નિફટી ૧૫૨.૯૦ પોઈન્ટ એટલે કે ૧.૦૭ ટકાના વધારા સાથે ૧૪૪૭૭.૮૦ના સ્તરે ખુલ્યો હતો. આજે માર્કેટની શરૂઆતમાં ૧૦૩૬ શેરોમાં તેજી જોવા મળી હતી. જયારે ૨૨૨ શેરોમાં ઘટાડો જાવ મળ્યો. તો સાથે સાથે ૪૮ શેરોમાં કોઈ બદલાવ થયો ન હતો. ગુરૂવારે શેરબજારમાં દિવસ ભર ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૭૪૦.૧૯ પોઈન્ટ એટલે કે ૧.૫૧ ટકાના ઘટાડા સાથે ૪૮૪૪૦.૧૨ના સ્તરે બંધ થયો હતો. જયારે નિફટી ૨૨૪.૫૦ પોઈન્ટ એટલે કે ૧.૫૪ ટકાના ઘટાડા સાથે ૧૪૩૨૪.૯૦ના સ્તરે બંધ થયો હતો.

આજે સેન્સેક્સના ૩૦માંથી ૨૬ બ્લુચિપ સ્ટોક સુધર્યા હતા. જેમાં બજાજ ફિનસર્વ ૪.૫ ટકા, એશિયન પેઈન્ટ્સ ૪.૩ ટકા, ટાયટન ૪ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૩.૫ ટકા અને બજાજ ઓટો ૨.૮ ટકા વધીને ટોપ -૫ લૂઝર બન્યા હતા. તો સામે મારુતિ સુઝુકી, આઈટીસી, ઈન્ડસઈન્ડ બેંક્ર અને પાવરગ્રીડનો શેર સાધારણથી ૧ ટકા ઘટ્યા હતા. તો બેન્ચમાર્ક નિફટીના ૫૦માંથી ૪૩ બ્લુચિપ સ્ટોક વધ્યા હતા.

## ઈતિહાસમાં પ્રથમવાર આ વર્ષે કુંભ મેળો ૧ મહિનો જ ચાલશે

દહેરાદૂન,તા.૨૬

દેશભરમાં પુનઃ વકરેલા કોરોનાના સંક્રમણને પગલે ઈતિહાસમાં સૌ પ્રથમવાર હરિદ્વારમાં યોજાનારા કુંભ મેળાનો સમયગાળો ૩.૫ મહિનાથી ઘટાડીને એક મહિનાનો કરી દેવાયો છે. આ ઉપરાંત આ પવિત્ર મેળામાં આવનારા યાત્રાળુઓએ ૭૨ કલાકથી જૂનો ના હોય તેવો નેગેટિવ આરટી-પીસીઆર ટેસ્ટનો રિપોર્ટ ફરજિયાત દર્શાવવાનો રહેશે. આ મામલે જારી કરાયેલા જાહેરનામાં અનુસાર ઉત્તરાખંડના હરિદ્વાર ખાતે આગામી ૧-૩૦ એપ્રિલ સુધી કુંભમેળાનું આયોજન કરાશે. જ્યારે ત્રણ શાહી સ્નાન ૧૨, ૧૪ અને ૨૭ એપ્રિલના રોજ યોજાશે. શાહી સ્નાન ઉપરાંત ૧૩ એપ્રિલે ચૈત્ર પ્રતિપદા તથા ૨૧ એપ્રિલના રોજ રામ નવમીના દિવસે મોટી સંખ્યામાં લોકો કુંભ મેળામાં દર્શનાર્થે આવતા હોઈ સ્થાનિક સત્તાવાળાઓએ પણ વ્યવસ્થા વધુ સતર્ક બનાવી છે.

# ભાજપના લોકો મને હિન્દુ ધર્મ શીખવાડી રહ્યા છેઃ મમતા બેનર્જી

કલકત્તા,તા.૨૬

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ દ્વારા હિન્દુત્વના મુદ્દાને ઉછાળવામાં આવી રહ્યો છે. જેને ટક્કર આપવા માટે ટીએમસીના નેતા અને પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનરજી પણ હિન્દુ કાર્ડ ઉતરી રહ્યા છે.

આજે મમતા બેનરજીએ ફરી હિન્દુત્વનો મુદ્દો ઉઠાવ્યો હતો.આજે એક ચૂંટણી સભાને સંબોધતા તેમણે કહ્યુ હતુ કે, ભાજપના લોકો મને હિન્દુ ધર્મ શીખવાડી રહ્યા છે.હું બ્રાહ્મણની પુત્રી છું અને તમારા કરતા વધારે હિન્દુ ધર્મ જાણું છું. મારા માટે તમામ લોકો સમાન છે અને તમામ જાતિ અને ધર્મના લોકો સમાન છે.

તેમણે કહ્યુ હતુ કે, હું લોકો સાથે ભેદભાવ નથી કરતી.મારા માતા અને પિતાએ શિક્ષણ આપ્યુ છે કે, તમામ લોકોને સમાન ગણવા.

મમતા બેનરજીએ કહ્યુ હતુ કે, ભાજપના લોકો તમામને ચોર કહી રહ્યા છે પણ તેમના નેતા ડાકુઓના સરદાર છે.

ભાજપ શું કરી રહી છે અને નોટબંધીના પૈસા ક્યાં ગયા, તમામ વસ્તુઓ વેચીને બંગાળને સોનાર બાંગ્લા બનાવવા નિકળ્યા છએ.સોનાર બાંગ્લા બરાબર બોલતા પણ આવડતુ નથી.

તેમણે પીએમ મોદી પર નિશાન સાધતા કહ્યુ હતુ કે, આપવાની ક્ષમતા નથી અને પૈસા આપવાની વાત કરી રહ્યા છે.દાઢી રાખવાથી બધા રવિન્દ્રનાથ ટાગોર નથી થઈ જતા.

તેમણે જનતાને અપીલ કરતા કહ્યુ હતુ કે, મારી વચ્ચેના કેટલાક ગદ્દારો સીપીએમ અને કોંગ્રેસ સાથે હાથ મિલાવીને લઘુમતીઓના વોટમાં ભાગલા પાડવા માંગે છે.આ માટે તેમણે ભાજપ પાસેથી પૈસા લીધા છે.

### સુપર સ્પ્રેડર શોધવા સોમવારથી ફેરિયાઓનું ટેસ્ટિંગ શરુ થશે

# રાજકોટમાં કોવિડ હોસ્પિટલમાં આઠ દર્દીઓના મોત નિપજતા ખળભળાટ મચ્યો



રાજકોટ,તા.૨૬

કોરોનાની બીજી લહેરે ગુજરાતમાં સીરિયલ બ્લાસ્ટ કરતાં દૈનિક કેસો હાલ ૨૦૦૦ની નજીક પહોંચી ગયા છે. બીજી લહેરને કારણે સમગ્ર રાજ્યમાં લોકોમાં ફરી એકવાર કોરોનાનો ડર જોવા મળી રહ્યો છે. તેવામાં આજે રાજકોટથી ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજકોટની કોવિડ હોસ્પિટલમાં ૮ દર્દીઓનાં મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજકોટમાં કોરોના વિસ્ફોટ થતાં ગત રોજ શહેરમાં ૧૪૬ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૨ કેસ સહિત ૧૬૮ કેસ નોંધાતા ફફડાટ ફેલાયો હતો. રાજકોટ શહેરમાં કોરોનાના ૬૨૪ દર્દી છે. આમ અત્યાર સુધીમાં ૧૮૧૧૬ લોકો કોરોનાની ઝપટે ચડી ગયા છે અને કોરોનાથી ૧૫૦ દર્દીઓએ દમ તોડ્યો હોવાનું સત્તાવાર સુત્રો જણાવી રહ્યા છે. કોરોનાએ જે રીતે સ્પીડ પકડી છે તે જોતાં આગામી બે ચાર દિવસમાં જ કુલ આંકડો ૨૦ હજારને પાર થઈ જવાની શક્યતા છે. કોરોના મહામારીને નિયંત્રણમાં લેવા માટે વહીવટી તંત્રએ હોસ્પિટલ બેડ સ્ટેન્ડ ટુ રાખવામાં આવ્યા છે. અને વેક્સિનેશનની કામગીરીને સઘન કરવામાં આવી છે. આમ છતાં કેસ ઘટવાના બદલે વધતાં ચિંતાના વાદળો છવાયા છે. રાજકોટમાં છેલ્લા ૯ દિવસમાં કોરોના કેસોમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજકોટમાં કોરોના કેસોનો આંક ૧૭૦૦૦થી ૧૮૦૦૦ આંક સુધી પહોંચી ગયો છે. રાજકોટમાં આટલા દિવસમાં ૧૧૩૦ કેસ સામે આવ્યા છે. કોરોનાનું સંક્રમણ રોકવા આરએમસી સોમવારથી સુપર સ્પ્રેડરના ટેસ્ટ કરશે. જેમાં શાકભાજીના ફેરિયાઓ, ગુજરી બદાર સહિત ફૂડ ડિલિવરી બોયના પણ કોરોના ટેસ્ટ કરવામાં આવશે.

# ફરીથી આસામમાં ભાજપ સરકાર બનશે તો લવ જેહાદ વિરુદ્ધ કાયદો લાવીશુંઃ શાહ

દિસપુર,તા.૨૬

આસામમાં ચૂંટણી પ્રચાર કરવા માટે પહોંચેલા ગૃહ મંત્રી અમિત શાહે ચૂંટણી સભાને સંબોધન કરતી વખતે કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ દ્વારા સ્થાનિક નેતા બદરુદ્દીન અજમલ સાથે ચૂંટણી માટે જોડાણ કરવામાં આવ્યુ છે.જેને લઈને અમિત શાહે કહ્યુ હતુ કે, રાહુલ ગાંધી ટુરિસ્ટ બનીને આસામમાં આવે છે.જાહેર કરે છે કે, બદરુદ્દીન અજમલ આસામની ઓળખ છે.પણ રાહુલ ગાંધી આસામને ઓળખતા નથી.આસામની ઓળખ તો શ્રીમંત શંકર દેવ અને માધવ દેવ છે. શાહે કહ્યું હતું કે ભાજપના સંકલ્પ પત્રના ઘણી બધી વાતો છે, પરંતુ સૌથી મોટી વાત લવ જેહાદ અને લેન્ડ જેહાદ વિરુદ્ધ કાયદો લાવવાનું કામ ભાજપ સરકાર કરશે. અમે અમારા વચનથી પાછળ નહીં હટીએ.

તેમણે કહ્યુ હતુ કે, આજે હું આસામના લોકોને કહીને જઉં છું કે કોંગ્રેસ જેટલુ પણ જોર લગાવી લે પણ બદરુદ્દીન અજમલ આસામની ઓળખ નહીં બને.અમે આવુ નહીં થવા દઈએ.આસામમાં ઘૂસણખોરોને રોકવાનુ કામ બદરુદ્દીન અજમલની સરકાર નહીં કરી શકે પણ આ કામ માત્ર અને માત્ર ભાજપની સરકાર જ કરી શકશે.ભાજપે હંમેશા આસામનુ ગૌરવ વધારવાનુ કામ કર્યુ છે.

અમિત શાહે કહ્યુ હતુ કે, નરેન્દ્ર મોદીની સરકારે ભૂપેન હજારિકાનુ સન્માન કર્યુ છે.કોંગ્રેસનો ઢંઢેરો ચૂંટણી પ્રચાર માટે હોય છે જયારે ભાજપ જે ચૂંટણી ઢંઢેરો જાહેર કરે છે તેના પર અમલ કરે છે.અમે નક્કી કર્યુ છે કે, કોલેજ જનારી તમામ દીકરીઓને સ્કૂટી આપવામાં આવશે.ઉપરાંત ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા વર્ષે ૬૦૦૦ રુપિયા અપાય છે.તેમાં હવે ૨૦૦૦ રુપિયા બીજા આસામ સરકાર જોડશે.લવ જેહાદ અને લેન્ડ જેહાદ સામે ભાજપની સરકાર કાયદો બનાવશે.

# ત્રણ વર્ષની અંદર ભારતના રસ્તાઓ અમેરિકા-યુરોપ જેવા બની જશેઃ ગડકરી

ન્યુ દિલ્હી,તા.૨૬

આપ પણ વિદેશોમાં આવેલા ચકાચક રસ્તાઓ જોઈને વિચારતા હશો, કે કાશ આવા રસ્તાઓ આપણા દેશમાં પણ હોય તો કેવું સારૂ. જો કે, હવે આપને ભારતમાં પણ આવા જ રસ્તાઓનો સુખદ અનુભવ થવાનો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ દાવો કર્યો છે કે, આગામી ત્રણ વર્ષની અંદર ભારતના રસ્તાઓ પણ અમેરિકા અને યુરોપિયન દેશો જેવા થઈ જશે. સીઆઈઆઈ દ્વારા દિલ્હીમાં આયોજિત ઈકનોમિક કોક્લેવ ૨૦૨૧માં કેન્દ્રીય મંત્રી ગડકરીએ કહ્યુ હતું કે, આ વખતે મોદી સરકાર પોતાનો કાર્યકાળ પુરો થતાં પહેલા ભારતના રસ્તાઓ અમેરિકા અને અન્ય યુરોપિયન દેશો જેવા કરી નાખશે. કેન્દ્ર સરકાર દરરોજ ૩૫ કિમી રસ્તાઓ બનાવી રહ્યા છે. ટૂંક સમયમાં જ દરરોજ ૪૦ કિમી રસ્તાઓ બનાવવાનો ટાર્ગેટ પુરો થશે. કોરોનાકાળમાં પણ સરકારે ટોલ કલેક્શનમાં ૧૦ હજાર કરોડ રૂપિયાનો વધારો નોંધ્યો છે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યુ કે, ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ આગામી પાંચ વર્ષમાં એક લાખ કરોડ રૂપિયા એકઠા કરવાના લક્ષ્ય પર કામ કરી રહ્યુ છે. આ પૈસા શેર બજારમાંથી એકઠા કરશે. તેમને ઈંડસ્ટ્રીઝને આ મામલે આગળ આવવા અને રોકાણ કરી લાભ ઉઠાવવાનું પણ કહ્યુ છે. તેનાથી વૃદ્ધિને ગતિ મળશે અને ફંડનો ઉપયોગ માળખાગત સુવિધાઓથી નાણાકીય પોષણ કરવામાં આવશે.

# ઈથોપિયોમાં પોતાના જ પરિવારના સભ્યોની સાથે રેપ કરવા મજબૂર કરાય છેઃ યુએન

યુએન,તા.૨૬

આફ્રિકન દેશ ઈથોપિયામાં લોકોને પોતાના જ પરિવારના સભ્યોની સાથે રેપ કરવા માટે મજબૂર કરાઈ રહ્યા છે. તેમને મારવા કે રેપ કરવા માટે કહેવાય છે. સંયુકત રાષ્ટ્રએ પોતાના રિપોર્ટમાં આ વાત કહી છે. સંયુકત રાષ્ટ્ર એ ગુરૂવારના રોજ કહ્યું કે ઈથોપિયાના તિગ્રે વિસ્તારમાં બળાત્કારના ૫૦૦થી વધુ કેસ સામે આવ્યા છે. સંયુકત રાષ્ટ્રની આ ચેતવણી એટલા માટે અગત્યની છે કે આ વિસ્તારમાં દુષ્કર્મને કલંક મનાય છે અને સ્વાસ્થય સુવિધાઓનો અભાવ છે. એવું મનાય છે કે બળાત્કારના કેસ સંયુકત રાષ્ટ્રની જાહેરાતથી કયાંય વધુ છે. બળાત્કારના ૫૧૬ કેસ માત્ર ૫ ચિકિત્સા કેન્દ્રોના છે. ઈથોપિયામાં સંયુકત રાષ્ટ્રની એક પ્રતિનિધિ વાફા કહે છે કે મહિલાઓ બતાવે છે કે હથિયારબંધ લોકોએ તેની સાથે રેપ કર્યો છે. તે ગેંગરેપ અને પરિવારના સભ્યોની સામે રેપ તથા વ્યક્તિઓને મારી નાંખવાની ધમકી આપીને પોતાના જ પરિવારના સભ્યોની સાથે રેપ કરવા માટે મજબૂર કરાય છે. વાફાએ કહ્યું કે આ રેપના ૫૧૬ કેસ ૫ ચિકિત્સા કેન્દ્રોના છે.

### સાયરસ મિસ્ત્રીને હટાવવાની વાત કાયદાકીય રીતે યોગ્યઃ સુપ્રિમ

# સાયરસ મિસ્ત્રી ટાટાના અધ્યક્ષ નહીં બની શકે

ન્યુ દિલ્હી,તા.૨૬

ટાટા સન્સને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે સાયરસ મિસ્ત્રીને કંપનીના ચેરમેન પદ પરથી હટાવવાના નિર્ણયને યોગ્ય ઠેરવતા આ મામલામાં એનસીએલએટીના આદેશને પલટી નાંખ્યો છે.

આ મામલામાં સાયરસ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ સ્ટ્રિંગ ઈન્વેસ્ટમેન્ટના દાવાને ફગાવી દીધો છે. આ મામલામાં ટાટા સન્સ અને સાયરસ મિસ્ત્રી બંને તરફથી મામલાને ઝડપથી પતાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ટાટા સન્સ ટાટા સમુહની હોલ્ડિંગ કંપની છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ટાટા સન્સમાં મિસ્ત્રીના પરિવાર સાથે જોડાયેલા એસ પી ગ્રુપના શેરોનું વેલ્યુએશન ટાટા સન્સના અનલિસ્ટેડ શેરોના આધારે નક્કી થશે. કોર્ટ હાલ નક્કી ન કરી શકે કે મિસ્ત્રીને શું વળતર મળવું જોઈએ. તે બંને પક્ષ પરસ્પર બેસીને નક્કી કરી શકે છે. કોર્ટે કહ્યું કે આ અંગે જેટલા સવાલો ઉઠ્યા હતા, તેનો જવાબ ટાટા સમુહના પક્ષમાં છે અને એસપી ગ્રુપની તમામ અરજીઓને ફગાવી દેવામાં આવે છે.

ટાટા સન્સ પ્રાઈવે લિ અને સાયરસ ઈન્વેસ્ટમેન્ટ્સ લિ.એ એનસીએલએટીની વિરુદ્ધ ક્રોસ અપીલ દાખલ કરી હતી, જે અંગે સુપ્રીમ કોર્ટે ચુકાદો સંભળાવ્યો હતો.

એનસીએલએટીએ પોતાના આદેશમાં ૧૦૦ અબજ ડોલરના ટાટા સમુહમાં સાઈરસ મિસ્ત્રીની કાર્યકારી ચેરમેન પદે નિમણૂંક કરી હતી. ટોપ કોર્ટ અનુસાર મુખ્ય ન્યાયાધીશ એસ એ બોબડેની અધ્યક્ષતા વાળી પીઠે શુક્રવારે આ મામલામાં ચુકાદો સંભળાવ્યો હતો.

આ મામલો ગત ૨ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. કંપની લો એપીલેટ ટ્રાઈબ્યુનલે સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના ચેરમેન પદ પરથી હટાવવાને ખોટું ગણાવ્યું હતું. એનસીએલએટીએ મિસ્ત્રીને બીજી વખત ચેરમેન બનાવવાનો આદેશ આપ્યો હતો. તેની વિરુદ્ધ ટાટા સન્સ સુપ્રીમ કોર્ટ પહોંચી હતી.

CYMK



આજે દેખાય મને ઉઘડતી દિશાઓ,આંગણે પધાર્યા છે શ્રીઆપ્તપુત્રો,આજ છે અનોખો ભેદ જ્ઞાનનો પ્રયોગ,હું અને મારાનો ભેદ સમજાશે,અહંકારને કર્મો બળીને ખાખ થાશે,અવળીતે સમજણના પડદા તૂટશે,સવળી સમજણ તો દ્રષ્ટિમાં ખૂલશે,પુદગલને આત્માની અવસ્થા સમજાશે,કાયમનો મોક્ષ આત્મા મહીં વર્તાશે,ધન્ય થશે આ જીવનને ધન્ય થઇશ હું,જગત કલ્યાણની ભાવના કરીશું,સમર્પિત આજે દાદાને થઇશું.

પીનાપટેલ,પિક્રી,વિસનગર

## ભાજપની કોંગ્રેસને ભેટ

# પ્રોટેમ સ્પીકર તરીકે વિધાનસભા અધ્યક્ષે વિપક્ષના ધારાસભ્ય ડૉ.અનીલ જોષીયારાની નિમણુંક



અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાતમાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસનો કારમો પરાજય થતા કોંગ્રેસના ધારાસભ્યો,પદાધિકારીઓ અને કાર્યકરોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે ત્યારે ગુજરાત ભાજપે કોંગ્રેસને ગીફ્ટ આપી હોય તેમ ગુજરાત વિધાનસભા ગૃહમાં અધ્યક્ષ રાજેંદ્રભાઈ ત્રિવેદીએ અનોખી પહેલ કરી ૨૫ વર્ષમાં પ્રથમ વાર વિપક્ષના કોંગ્રેસના ધારાસભ્ય ડૉ.અનિલ જોશિયારાને પ્રોટેમ સ્પીકર તરીકે નિમણુંક કરતા કોંગ્રેસના ધારાસભ્યોમાં આનંદ છવાયો હતો પ્રોટેમ સ્પીકર તરીકે ડૉ.અનિલ જોષીયારાની નિમણુંક થતા તેમના મત વિસ્તારમાં લોકોએ અભિનંદનની વર્ષા કરી હતી

ભિલોડાના ધારાસભ્ય અને અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારના લોકોના પ્રાણ પ્રશ્નોને વાચા આપનાર અને અંતરિયાળ વિસ્તારમાં વિકાસ માટે સતત પ્રયત્નશીલ ડૉ.અનીલ જોષીયારાની પ્રોટેમ સ્પીકર તરીકે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ નિમણુંક કરી હતી ૨૫ વર્ષમાં પ્રથમ વાર વિપક્ષના ધારાસભ્યની પ્રોટેમ સ્પીકર બનાવી અનોખી પહેલ કરી હતી વિપક્ષના ધારાસભ્ય ડૉ.અનીલ જોષીયારાને પ્રોટેમ સ્પીકર બનાવતા ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં એક નવીન કલગી ઉમેરાઈ છે

# બાઈક સ્લીપ થતા ડબારણના બે સગ્ગા ભાઈના ઘટનાસ્થળે મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓ સતત બની રહી છે માલપુર તાલુકાના ડબારણ ગામના બે ભાઈ બાઈક લઈ કામકાજ અર્થે નીકળ્યા હતા બાઈક હેલોદર પાસે સ્લીપ થઇ જતા બંને ભાઈઓ રોડ સાઈડ પટકાતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી અકસ્માતની ઘટનાના પગલે મૃતક યુવકોના પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી માલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતક ભાઈની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર,શુક્રવારે સવારે ડબારણ ગામના બે સગ્ગા ભાઈ નટવર હાથીભાઈ મસાર અને રૂમાલ હાથીભાઈ મસાર કામકાજ અર્થે બાઈક લઈને નીકળ્યા હતા હેલોદર ગામ નજીક પસાર થતા સમયે અગમ્ય કારણોસર બાઈક સ્લીપ થતા બંને ભાઈઓ રોડ સાઈડ ખાડામાં ખાબકતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા

# મુન્દ્રા કસ્ટોડિયલ ડેથ કાંડના ફરાર પોલીસ કર્મચારીઓ અંતે ઝડપાઈ ગયા



મુન્દ્રા પોલીસ કસ્ટડીયલ ડેથ કાંડના મુખ્ય દબંગ ફરાર પોલીસ કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી ફરાર હતા બે ગઢવી યુવકોની હત્યાના ગુન્હામા લાંબા સમયથી ફરાર હતા જે ૩ પોલિસ કર્મચારી અંતે પોલિસના હાથે ઝડપાઇ ગયાના અહેવાલ મળી રહ્યા છે પશ્ચિમ કચ્છ પોલિસે ભાવનગર પોલિસની મદદથી શક્તિસિંહ ગોહિલ, અશોક કનાદ, જયદેવસિંહ ઝાલાને ઝડપી પાડ્યા છે

ઝડપાયેલા ૩ પૈકી બે પોલિસ કર્મી હોટલમાથી રહેતા હતા અને ત્યાંથી ઝડપાઈ ગયા છે જ્યારે અન્ય એકને ભાવનગર નજીકથી એક સેફ જગ્યાથી ઝડપી પાડી પોલિસે વધુ તપાસ હાથ ધરી છે પશ્ચિમ કચ્છ એસ.પી સૌરંભસિંગે આ અંગે આગળની કાર્યવાહી ચાલુ હોવાનુ જણાવ્યુ હતુ.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજે ૪ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે

વિષય : વિશ્વ કવિતા પ્રસિદ્ધિ દિવસ - ૪

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેક કરનાર : જયશ્રીબેન પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---

NOG SS NO :004

વિષયઃ કવિતા પદ્ય..
પ્રકારઃ ગદ્ય પદ્ય મિશ્રિત
શીર્ષકઃ મુજ કવિતા

વિશ્વ કવિતા દિવસ..

તહેવારની સ્થાપનાનો નિર્ણય ૧૯૯૯ માં યુનેસ્કો આંતરરાષ્ટ્રીય સંગઠન દ્વારા નિયમિત ત્રીસમી સત્રમાં અપનાવવામાં આવ્યો. ત્યારથી, દર વર્ષે માર્ચ ૨૧ ની વસંતઋતુમાં, કવિતા દિવસ ઉજવાય છે, જે સમગ્ર વિશ્વમાં સત્તાવાર રીતે ઉજવવામાં આવે છે. ઘણા શહેરો અને ગામોમાં તેમના માનમાં કવિતા વાંચન, લેખકો સાથે સર્જનાત્મક બેઠકો, પ્રવચનો આપવામાં આવે છે અને નવીનતાઓની જાહેરાત કરવામાં આવે છે.

કવિ એટલે સૌમ્ય, મૃદુ , એવી કલ્પના કરીએ પણ આપણી આઝાદી પાછળ પણ કવિ લેખકની કટારનો ખૂબ મોટો ફાળો છે. દેશ દેશાવર તેઓનાં શૌર્ય ગાનથી સુષુપ્ત પ્રજા જાગૃત થઈને ગાંધીની જોડે જોડે તેમનાં સ્વપ્નોને દ્વારે પહોંચી ગઈ. દલપતરામને ક્યાં ખબર હતી કે તેઓ ઊંટ કહે લખશેને તેમની પાછળ
અગણિત લોકો ગણગણશે..શું ત્યારે હતું મિડિયા, નેટ કે ચેટ? ના દરિયા કે નદીમાં નંખાતા લાખથી શીલ થયેલા કાવ્યો નર્મદનાં નામે તરી જશે..! અરે કલાપીની અંતરવેદનાં આજે આપણાં પ્રેમની વ્યથા રૂપે દિસશે..!ઝવેરચંદ મેઘાણીનાં કાવ્યો શૌર્ય અર્પે છે ભીતે ઝૂલે છે તલવાર શિવાજી કેરી ..શું આવા કાવ્યો છે..? જે સાંભળતા જ શૌર્ય જન્મે.

આદી કવિ નરસિંહની હુંડીઓ કાવ્ય રૂપે હતીને શામળશા શેઠ ભરપાય કરી જતો..મીરાં ભક્તિમાં લીન થઈને વિરહનાં પદો ગીતો રચી ગઈ જે આજે પણ....
એરી મેતો પ્રેમ દિવાની રૂપે ગણગણી પ્રેમિકા દુઃખ વ્યક્ત કરશે...પ્રેમાનંદ નળાખ્યાન રચશેને..આખ્યાન રૂપી કાવ્યો મળશે..

આજે ચેટ દ્વારા ગઝલો,અનેક પ્રકારનાં કાવ્યો વાંચીએ છીએ ને કવિતાનાં મર્મને હાર્દને ઓળખીએ તો આનંદ મળે..અગણિત કાવ્યો રચાયા છે મિત્રો વાંચો ને રસપાન મેળવો.કાવ્ય એટલે પ્રાસ, લય અને અલંકારિક શબ્દો..કાફિયા અને રદીફનો મેળ..
કાવ્ય એટલે જાગૃતિ
કાવ્ય એટલે ઋતુઓનું? વર્ણન બારમાસી કાવ્યો યાદ છે? કોઈને પ્રકાર પણ ખબર છે..?જેનું મન પંખીઓના કલરવમાં પણ રમી જાય ને તે કાવ્યમાં રમી જાય..! કોયલની પહેલી સ્વરમાળા એટલે જ વસંત ને ફાગણનું આગમન વર્ણવતું કાવ્ય..જ્યાં આંબે મોર બેસેને કોયલ પણ ગાન શરૂ કરે..આ કાવ્યનાં સૂર..મિત્રો.

વિશ્વ કવિતા દિવસે મારી એક કવિતા રજુ કરું છું,
મિત્રો..સૌ કવિ અને કવયિત્રીઓને મારી ખૂબ ખૂબ શુભેચ્છા..

---

NOG SS NO:004

વિષયઃ કવિતા, કાવ્ય અને પદ્ય.
પ્રકારઃપદ્ય
શીર્ષકઃમુજ કવિતા

મુજ કવિતા
ખળખળ થઈને વહેતાં ઝરણે,
નાદ જો સંભળાય કર્ણે,
ત્યાં રચાઈ જાઈ શબ્દો વર્ણે
એતો મુજ કવિતા ...ખળ
ખળખળ થઈને વહેતી સરિતા
સ્વર જો સંભળાય સંહિતા,
ત્યાં સરકી જાય જિહ્વા થઈ મોહિતા,
એતો મુજ કવિતા...ખળ
ઘૂંઘવતા સમુદ્રના મોજા ઉછળે,
દૂરથી ભાનુ કિરણે નીર ચમકે,
વહેતી સુવર્ણ લહેરો હૈયે ઉત્કંઠે,
એ તો મુજ કવિતા...ખળ
તબડાક તબડાક ખરી કરે,
હૈયે શૌર્ય ડણકે જોશે,
એમાં પણ હૃદયે હર્ષ ભાસે,
એ જ મુજ કવિતા...ખળ
શોધી રહી પ્રેમનો અંશ
રાધા-કાના-મીરાં ત્રિકુંશ
મુજ આગોશમાં તું જ વંશ
એ જ મુજ કવિતા...ખળ
આજ કવિતા શુભ દિને
અર્પું કવિતા હું જગને,
મુજ ગગન ધરાએ વિહરીને,
એ જ મુજ કવિતા..ખળ

જયશ્રી પટેલ

---

NOG SS NO- 0088

વિષય શબ્દ- કવિતા દિન નિમિત્તે ગદ્ય, પદ્ય, લેખ..
પ્રકાર- લેખ
શિર્ષક - કવિતાનું હાર્દ

સંસ્કૃત ભાષામાં કાવ્ય માટે સાચું જ કહ્યું છે કે..
किं कवेस्तस्य काव्येन किं कांडेन धनुष्यतः।
परस्य हृदये लग्नं न धूर्णयति यच्छिरः
અર્થાત્.. તે કવિનું કાવ્ય શા કામનું? અને તે ધનુર્ધારીનું બાણ શા કામના? જે કાવ્ય બીજાના હર્દયને અસર ન કરે? અને બાણ બીજાના માથાને ન હણે. કાવ્ય એટલે બધા રસોનો નિચોડ.' वा1यं रसात्मकंकाव्यम् કાવ્ય ચમત્કૃતિ જન્ય અને લાઘવસિદ્ધિ સર્જતું હોય છે. વિચારોને ઘૂંટી ઘૂંટીને બનેલો અર્ક એટલે કાવ્ય. સુંદર મોતીરૂપી શબ્દોથી ગુંથાયેલી માળા એટલે કાવ્ય. ટૂંકમાં કાવ્યમાં શ્લિષ્ટતા, વિષય વૈવિધ્ય, અર્થપૂર્ણતા, ભાવ- પ્રાબલ્ય, કોમળતા, ગેયતા, કલ્પના, માધુર્ય, લય, રસિકતા યુક્ત શબ્દગુંથન કળા.
આવા સુંદર કાવ્યનાં આત્માનું વારંવાર ખૂન થાય, ત્યારે એક કવિ હર્દય ચિત્કારી ઊઠે. कवेः इदं काव्यम् અર્થાત્ જે કવિની અંતઃસ્ફુરણાથી લખાયું હોય તે કાવ્ય. પણ પ્રશ્ન એ છે કે શું ખરેખર તેમ થાય છે? જવાબ છે.."ના " ક્યારેક આ કોપી પેસ્ટના જમાનામાં બે લીટી અહીંથી તો બે બીજેથી ઉપાડી ને પુરું.. થયું શું કાવ્યનું ' ખૂન'. હર્દય પર હાથ મૂકીને કહીએ આ વ્યાજબી છે? જવાબ આત્મસંતોષ કારક હશે. હું એક ભાષાના શિક્ષક તરીકે, ક્યારેક વર્ગમાં ભણાવાતી કવિતાનું બાળમરણ થતું જોઉ ત્યારે.., ખૂબ દુઃખી થાવ છું.. કેવી સરસ ગાઈ શકાતી કવિતા..ને, આમ સાવ રસહીન રીતે વાંચી જવી.., પાછું પઠન પણ નહિ.., માત્ર શબ્દોને તોડી મરોડીને કરાતું વાંચન. હવે તેમાંથી કેન્દ્રવર્તી વિચારની નિષ્પત્તિ તો થાય જ ક્યાંથી? ચમત્કૃતિ તો શૂન્ય. કાવ્ય વાંચનથી રસ, ભાવત્મકતા ને સંવેદના સાથે વિચારમંથન જાગે.. તેની જગ્યાએ માત્ર કવિતા પ્રત્યે વેદનાજ પંપાળવી રહી.. જ્યારે સાચો ભાષા શિક્ષક કવિતા ભણાવે ત્યારે.. ગાવા કે આરોહ અવરોહ યુક્ત પઠનથી તાલ, ને રસ નિષ્પન્ન થાય. વર્ણનથી દશ્ય સજીવન થઈ જાગી ઊઠે. સ્વયં પ્રકૃતિ જ એક કાવ્ય છે. કવિતા થકી સમાજ, પ્રાણીમાત્ર ને પ્રકૃતિ પ્રત્યેની સંવેદનાઓ જાગે તો ક્રુરતા અને ગુનાખોરી ઘટે.
આશા રાખું કે વિશ્વ કવિતા દિને.. આપણે સૌ ભાષાનું અને કવિતાનું સંવર્ધન કરી તેનું પરિમાર્જન કરીએ. કાવ્યને સાચા અર્થમાં આત્મસાત કરીએ. મૌલિક અને આત્મસ્ફૂરણા સાથે લખીએ. સૌ મિત્રોને વિશ્વ કવિતા દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

ન્યુઝ ઓફ ગાંધી નગર
સાહિત્ય સરિતા

NOG SS No : 0052

વિષય : વિશ્વ કવિતા દિવસ
શીર્ષક : "હું કવિતા" (જીવની)

એ કવિતા ,સાંભળ ને આજે તારો જન્મ દિવસ છે,
તારે કાંઈ નથી કહેવું, કાંઈક તો બોલ....
શું બોલું હું, શું ન બોલું હું ,આજે આનંદ અપાર છે , સાહિત્યનાં રસિકો ,તેનાં કદરદાન આજે મને યાદ કરે છે ,આજે સહુ સાહિત્ય રસિકો મારા અસ્તિત્વને નવા રંગરૂપ, આકાર સાથે રજૂ કરે છે. હું કોઈ બંધનમાં નથી, બસ જેનું હૃદય કહે તેમ , જેનાં વિચાર કહે તેમ , જેની ઈચ્છા હોય તેમ, જે સ્વેચ્છાએ લખવા ચાહે તેમ, હરખ, શોક, લાગણી, હુંફ, રાષ્ટ્રપ્રેમ, નફરત, અમીરી, ગરીબી, પ્રકૃતિ વિગેરે વિગેરે..
મે મારી મર્યાદા એટલી હદે વિસ્તારી છે કે જેને જે ફાવે તે રીતે, જેવી રીતે લખવા ચાહે તે રીતે, હું સહુ સાથે સાનુકૂળ વાતાવરણનું સર્જન કરતી જાઉં છું, બસ કલમ પકડે એટલે હું ચાલતી, અરે! દોડી જાવ છું, આજનાં જમાના પ્રમાણે હું પણ મોર્ડન બની ચૂકી છું, એકલતાનો આશરો, તૂટેલ હૃદય માટે દવાનું કામ કરતી તો ક્યારેક, હું હસતાંના મુખે હસી પણ લેતી આવી છું, હું તૂટેલાને જોડુ પણ છું અને ભેગાં થયેલાને તોડુ પણ છું, હું આમ કોમળ છું, વખત આવે ત્યારે હું કટાર પણ છું.
'અવનવા રંગ મારા ,
હું કોઈની નહી ,
પણ હા તમે સહુ મારા..'
હું કવિતા..
'મારી વાતને અહીં જ વિરામ આપવાં ચાહીશ,મારા જન્મ દિવસે આપ સહુએ ઉદાર હૃદયે જે પ્રેમ આપ્યો તે બદલ આપની હું આભારી છું.'

સંજય તરબદા "સાંજ",વડોદરા

---

NOG SS No.- 0076

વિષય :- લેખ
પ્રકાર :- ગદ્ય
શીર્ષક :- કવિતા એટલ શું?

આમ તો સાહિત્ય સાથે સંકળાયેલા સૌને કવિતા એટલે શું એ ખબર જ હોય, અરે સાહિત્ય સાથે જોડાયેલા ન હોય તે પણ કવિતાથી અજાણ થોડાં હોય? પણ છતાં ઘણાંને સવાલ થતો હોય કે કવિતા એટલે શું? ઘણાં એમ માનતા હોય કે બસ બે ચાર શબ્દો ગોઠવીને લખી નાખો એટલે બની ગઈ કવિતા...!

નાં એવું જરાય નથી, એના પણ નિયમો હોય છે, એક ચોક્કસ રીત હોય છે, જેમ રોટલી બનાવવા માટે માપસર પાણી જોઈએ તો જ યોગ્ય લોટ બાંધી શકાય અને પછી તેને વણવા માટેની પણ એક કળા હોય તો જ સરખી ગોળ રોટલી વણાય, અને પછી શેકવામાં પણ કાળજી રાખવી પડે તો જ સરસ મજાની ફૂલીને દડા જેવી રોટલી બને... આ કવિતાનું પણ કાંઈક એવું જ છે. યોગ્ય રીત, શબ્દોની યોગ્ય ગોઠવણ, લય, રસ, ભાવ, વગેરેનો સુવ્યવસ્થિત સમન્વય એટલે કવિતા. જો કે અહીં મારે અત્યારે એના નિયમો વિશે વાત નથી કરવી, મારે વાત કરવી છે એની વ્યાખ્યા વિશે.

આમ તો કવિતાની વ્યાખ્યા શક્ય જ નથી, કવિતાને માણવાની હોય, એને પ્રેમ કરાય, એના શબ્દો મનને તરબોળ કરવા જોઈએ.

જો કે "કાવ્યાલંકાર" નાં રચયિતા ભામઃ એ સૌ પ્રથમ વખત કાવ્ય (કવિતા) ની વ્યાખ્યા આપી... એમના મત અનુસાર શબ્દ અને અર્થનું સહીતત્વ એ કાવ્ય છે. એટલે કે શબ્દ અને અર્થનું એકરૂપ થવું એટલે કાવ્ય. તો "વિશ્વનાથ" નામના કાવ્યશાસ્ત્રી એ "સાહિત્યદર્પણ" માં કહ્યું છે કે "રસયુક્ત વાક્ય તે કાવ્ય."

કવિતા વિશે સૌ કોઈ અલગ અલગ વ્યાખ્યા આપી શકે છે, જેમ કે...
બે શબ્દો વચ્ચેનું મૌન એટલે કવિતા,
કલ્પનાની કેડીએ રૂમઝૂમ કરતી ચાલતી લાગણીની કતાર એટલે કવિતા,
સાહિત્યની દુનિયાની સૌથી નાનું છતાં ઉત્તમ ઘરેણું એટલે કવિતા,
હું કહું છું કે દિલમાં છુપાયેલી / ધરબાયેલી લાગણીઓને સુંદર રીતે વ્યક્ત કરવાનું માધ્યમ એટલે કવિતા. હૃદયની વ્યથાને શબ્દોનું રૂપ મળે અને એ વાંચવાથી/ગાવાથી રસની લ્હાણી થતી હોય એવું લાગે તો સમજી લ્યો એ કવિતા છે.

જેમ સ્ત્રીને સમજવી અઘરી છે તેમ કવિતાને પણ સમજવી કઠિન છે. કવિતા તો આત્માની માતૃભાષા છે. જેમ આત્માની ઓળખ માટે સાધના કરવી પડે એમ જ કવિતાને સમજવા માટે પણ એમાં છુપાયેલો ભાવ સમજવો પડે.

પારૂલ ઠક્કર "યાદ",ભાવનગર

## મોડાસા ટાઉન પોલીસે સર્વોદય નગરમાંથી ૪૮ બિયર ટીન ઝડપ્યા

# એલસીબી પોલીસે બ્રહ્મપુરીના લિસ્ટેડ બુટલેગરના ઘરેથી ૨૮ બોટલ દારૂ ઝડપ્યો

અરવલ્લી બ્યુરો મઠવાસ

હોળી અને ધૂળેટીના તહેવાર અંતર્ગત અરવલ્લી જીલ્લામાં શ ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નાથવા માટે જીલ્લા પોલીસવડા સંજય ખરાત દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. જે અંતર્ગત મોડાસા ટાઉન પોલીસે સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં વિદેશી દારૂનો વેપલો કરનાર બુટલેગરના ઘરે ત્રાટકી ૪૮ ટીન બિયર સાથે ઝડપી લીધો હતો

તેમજ લોકલ ક્રાઈમ બ્રાન્ચે બ્રહ્મપુરીના લીસ્ટેડ બુટલેગરના ઘરેથી ૨૮ બોટલ વિદેશી દારૂ-ક્વાંટરીયાનો જથ્થા સાથે દબોચી લીધો હતો નામચીન બુટલેગરનો સાથી ફરાર થઈ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસા ટાઉન પીઆઈ એન.જી.ગોહિલએ ચાર્જ સંભાળતાની સાથે મોડાસા શહેરના દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ માટે જાણીતા સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અટકાવવા સઘન પેટ્રોલીંગ હાથધરતા ડુંગરી વિસ્તારમાં જીતુ દિનેશ સલાટ વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરતો હોવાની બાતમી મળતા તાબડતોડ ત્રાટકી બુટલેગર જીતુ સલાટના ઘરમાંથી કિંગફિશર બિયર ટીન-૪૮ કીં.રૂ.૭૨૦૦/ - નો જથ્થો જપ્ત કરી જીતુ સલાટને દબોચી લઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

અરવલ્લી એલસીબી પીઆઈ સી.પી વાઘેલા અને તેમની ટીમે શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બ્રહ્મપુરી ગામના લિસ્ટેડ બુટલેગરના ઘરે ત્રાટકતા ઘરમાંથી વિદેશી દારૂની બોટલ-ક્વાંટરીયા નંગ-૨૮ કીં.રૂ.૬૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પ્રકાશ સોમા ઉર્ફે સૂરમા ગામેતીને ઝડપી લીધો હતો

એલસીબી પોલીસની ગંધ આવી જતા રાજસ્થાન તલૈયાનો બંસીલાલ નામનો બુટલેગર રફુચક્કર થઇ જતા એલસીબી પોલીસે પ્રકાશ નામના બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દઈ શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંસીલાલને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## લવ જેહાદને નાથવા સરકાર ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક-૨૦૨૧ રજૂ કરશે

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં લવ જેહાદના મુદ્દે ગુજરાત સરકાર વિધાનસભા ગૃહમાં બિલ રજૂ કરશે. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક ૨૦૨૧ રજૂ કરવામાં આવશે. આ બિલ દ્વારા બળજબરી પૂર્વક ધર્મ પરિવર્તન પર પ્રતિબંધ મુકવામાં આવશે. આ વિધેયકમાં પાંચ વર્ષ સુધીની સજા અને ૨ લાખ રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

સગીર સાથેના ગુનામાં સાત વર્ષ સુધીની સજા કરવામાં આવશે અને ૩ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે. આ સાથે અનુસૂચિત જાતિ અને જનજાતિની સ્ત્રી સાથેના ગુનામાં પણ સાત વર્ષની સજા થઈ શકે છે. કાયદાની અધિનિયમ ૩, ૪ અને ૭માં સુધારો કરવામાં આવશે. વર્ષ ૨૦૦૩માં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારો અમલી હતો. પરંતુ તેમાં ઘણા બધા મુદ્દાઓમાં સુધારો કરવામાં આવ્યો છે.

# વાડિયા ગામે દારૂની રેડ કરવા ગયેલી પોલીસની ખાનગી ગાડી પર ગામના ઈસમોએ પથ્થર મારતાં કાચ તૂટ્યો



પોલીસની ખાનગી ગાડીને નુકશાન થતાં પોલીસ કાફલો પહોંચ્યો ઘટના સ્થળે.... પોલીસ તેમજ ગામલોકો સાથે ઘર્ષણ થવાની માહિતી મળતાં મીડિયા કર્મી પહોંચ્યો હતો ઘટના સ્થળે....

બનેલી ઘટનાનું કવરેજ કરતા મીડિયા કર્મીનો પોલીસે મોબાઈલ ઝૂંટવી વિડીયો ડીલીટ કરી અપશબ્દો ઉચ્ચાર્યા... મીડિયા કર્મી સ્થળ પરથી મોટરસાયકલ લઈને થોડે દૂર ઉભા રહેતાં પોલીસ ટોળા વડે બાથમાં લઈ મીડિયા કર્મીનો મોબાઈલ લઈ માર્યો માર...

સ્થળ ઉપર માર મારી પોલીસ વાનમાં નાખી પોલીસ મથકે લાવી પીઆઇ જેબી ચૌધરીએ માર્યો મૂઢમાર... મૂઢમાર મારતા મીડિયા કર્મીને થઈ ઈજાઓ... ઈજાઓ થતાં મીડિયા કર્મીને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો.... થરાદ પોલીસ મથકે ફરજ બજાવતા પીઆઇ જેબી ચૌધરી કરી રહ્યા છે દબંગગીરી....

વાડિયા ગામની મહિલાઓને પોલીસ કાફલા દ્વારા કરાયો લાઠી ચાર્જન ઉઠ્યા આક્ષેપો...

### વિપક્ષના ફક્ત ૩ સભ્યો ચૂંટાઈને આવ્યા હોય એ વિપક્ષના નેતાનું પદ સંકટમાં

# નર્મદા જિલ્લા પંચાયતનું ૧૫૫ કરોડના પૂરાંત વાળું બજેટ સર્વાનુમતે મંજુર



રાજપીપળા,તા.૨૬

નર્મદા જિલ્લા પંચાયતમાં ભાજપનો ૨૨ બેઠકો માંથી ૧૯ બેઠકો પર વિજય થયો છે.નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહિતના હોદ્દેદારોની વરણી બાદ જિલ્લા પંચાયતના સભા ખંડમાં ૨૫ મી માર્ચે બજેટ લક્ષી એક ખાસ સામાન્ય સભા મળી હતી.જેમાં નર્મદા જિલ્લા પંચાયતના તમામ ચૂંટાયેલા સભ્યોની ઉપસ્થિતિમાં ૧૫૫ કરોડના પૂરાંતવાળું બજેટ સર્વાનુમતે મજૂર કરાયું હતું.

નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ પર્યુષાબેન વસાવા, ઉપપ્રમુખ કિરણ વસાવા, કારોબારી ચેરમેન મમતા તડવી સહિત જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની ઉપસ્થિતમાં પ્રથમ ખાસ બજેટ લક્ષી સામાન્ય સભા મળી હતી.જેમાં ચર્ચા વિચારણાને અંતે નર્મદા જિલ્લા પંચાયતમાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન થનારી કુલ અંદાજીત ૪૩૮.૮ કરોડની આવક સામે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન થનારી કુલ અંદાજીત ૨૮૩.૫ કરોડની જાવક અને ૧૫૫.૨ કરોડની અંદાજીત બંધસિલકનું મૂળ અંદાજપત્ર રજૂ કરાયું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લા પંચાયતને સ્વભંડોળ માંથી ૫.૮૪ કરોડ રૂપિયા, સરકારી વિભાગ માંથી ૨૫૧ કરોડની અંદાજીત આવક થશે.આ વખતે નર્મદા જિલ્લા પંચાયતમાં વિપક્ષના કોંગ્રેસના ૨ અને બિટીપીના ૧ મળી ફક્ત ૩ સભ્યો જ ચૂંટાઈને આવ્યા છે, આ જોતા વિપક્ષના નેતા ની નિમણૂક થશે કે કેમ એ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે.જો પ્રબળ વિપક્ષ હોય તો જ વિરોધ થાય અને વિરોધ થાય તો જ વિકાસ શક્ય છે.ત્યારે નર્મદા જિલ્લા પંચાયતને વિપક્ષ નેતા મળશે કે નહિ એની પર સૌની મીટ મડાઈ છે.

તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

# પ્રોહિબિશનના ગુના નામના બુટલેગરને પાસામાં ધકેલતી નર્મદા એલસીબી નર્મદા પોલીસ



રાજપીપળા, તા. ૨૬

નર્મદા જિલ્લામાં પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ બુટલેગરને પાસામાં ધકેલી દેવાયો છે. નર્મદા એલસીબી નર્મદા પોલીસે આરોપીને ભીલાડ વાપી થી ઝડપી પાડી આરોપીની પાસા હેઠળ અટક કરી પોલીસ જાપ્તા સાથે આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી અપાયો છે.

પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ વધુ એક બુટલેગરને નર્મદા એલસીબી નર્મદા પોલીસે પાસામાં ધકેલાયો છે. હિમકરસિંહ પોલીસ અધિક્ષક નર્મદાની માર્ગદર્શન અને સુચના મુજબ જિલ્લામાં અસામાજિક તત્વો દ્વારા આચરવામાં આવતી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા સારું સખત અટકાયતી પગલાં લેવા સૂચના અને માર્ગદર્શન અનુસંધાને એ.એમ.પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર એલસીબીએ જિલ્લામાં વિદેશી દારૂની હેરફેર કરતા ઈસમો ઉપર અંકુશમાં વોચ ગોઠવી હતી. રાજપીપળા તથા દેડીયાપાડા વિસ્તારના ગુના વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણ કરવાના ઈરાદે પકડાયેલા આરોપી કિરણભાઈ ઈશ્વરભાઇ વસાવા (રહે, માંડણ કુવાવાળું ફળિયું,) રાજપીપળા પોલીસ દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદાને મોકલવામાં આવી હતી. સામાવાળા વિરુદ્ધ ગુનાઓને ધ્યાને રાખી જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદાએ પાસા હેઠળ અટક કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલવા સારું કામ કરતા કિરણભાઈને એલસીબી પોલીસ સ્ટાફ દ્વારા ગીરીરાજ હોટલ,ભીલાડ, વાપી થી જ ઝડપી પાસા હેઠળ અટક કરી પોલીસ જાપ્તા સાથે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ,રાજપીપળા

# કાંકરેજ તાલુકા પંચાયતનું ૨૦૨૦/૨૧સુધારેલ અને સન ૨૦૨૧/૨૨ નું અંદાજપત્ર સર્વાનુમતે પસાર



તાલુકા પંચાયત કાંકરેજના મીટીંગ હોલમાં તાલુકા પંચાયત પ્રમુખ ના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું તાલુકા પ્રમુખ ક્રિષ્નાબેન ઠાકોર ,ઉપ પ્રમુખ

કારોબારી અધ્યક્ષ, સામજિક ન્યાય સમિતિ ચેરમેન સચિવ, અને તાલુકા વિકાસ અધિકારી રમીલાબેન પરમાર, કે. આર. ઝાલા આર.એસ.બારોટ જીગરભાઈ ચૌધરી વગેરે મીટીંગ માં હાજર રહ્યા હતા, તાલુકા પંચાયત કાંકરેજ શિહોરી ના સને ૨૦૨૧/૨૦૨૨ સ્વભંડોળ ના બજેટ ની રૂપરેખા - : વર્ષ : - ૨૦૨૧/ ૨૦૨૨ ના વર્ષ ની અંદાજીત આવક : : - જમીન મહેસૂલ ગ્રાન્ટ ની અંદાજીત આવક – રૂ .૨,૫૦,૦૦૦ / : - સ્ટેશનરી અને ગણવેશ ગ્રાન્ટ ની અંદાજીત આવક – રૂ .૨,૫૦૦૦ / : - ગ્રામ પંચાયતો પાસુ થી ૧૫ % તા.પં.ટેક્ષ ની અંદાજીત આવક - રૂા .૭,૦૦,૦૦૦ / : - સ્ટમ્પ ડ્યુટી ગ્રાન્ટ ની અંદાજીત આવકે – રૂ .૪૫,૦૦,૦૦૦ / : - પરચુરણ , વ્યાજ , ભાડા , ટેન્ડર , ફી , વગેરે ની અંદાજીત આવક - રૂા .૪,૬૦,૦૦૦ / : - મત પૂર્વ જ.લો.બોર્ડ ૫૦ % ગ્રાન્ટ ની અંદાજીત આવકે – ૩૧.૨,૦૦૦ - કુલ આવક - રૂા .૫૯,૪૩,૦૦૦ / - : વર્ષ : - ૨૦૨૧ / ૨૦૨૨ ના વર્ષ ની અંદાજીત ખર્ચ : : - માનદ વેતન , ભથ્થા નો અંદાજીત ખર્ચ રૂા . ૧,૩૮,૭૦૦ / : - પરચરણ , સ્ટેશનરી , તા.પં.કચેરી નો અંદાજીત ખર્ચ રૂા ૧૫,૪૦,૦૦૦/ , પંચાયત તેમજ વિકાસ ક્ષેત્રે નો અંદાજીત ખર્ચ - રૂા૧૨,૦૦,૦૦૦, / : - શિક્ષણ ક્ષેત્રે નો અંદાજીત ખર્ચ – રૂા .૩,૫૦,૦૦૦:-ખેતીવાડી ક્ષેત્રે નો અંદાજીત ખર્ચ - રૂા .૨,૨૦,૦૦૦ / : - સમાજ કલ્યાણ ક્ષેત્રે નો અંદાજીત ખર્ચ રૂા . ૧,૫૦,૦૦૦ / : - કુદરતી આફતો માટે નો અંદાજીત ખર્ચ રૂા .૫,૫૦,૦૦૦ / : - જાહેર બાંધકામ માટે નો અંદાજીત ખર્ચ રૂા .૭,૦૦,૦૦ / : - અન્ય પ્રકીર્ણ યોજના માટે નો જીત ખર્ચ - ૩૧.૨૦,૦૦૦ / = .કુલ ખર્ચ રૂા .૪૯,૨૮,૭૦૦,સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦ -૨૦૨૧ તથા ૨૦૨૧/૨૨ બજેટ મજૂર કરેલ જે બહુમતીથી પ્રસાર થતા તાલુકા પંચાયત ના સદસ્યઓ એ આભાર માની મીટીંગ પૂર્ણ કરી હતી...

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

### લોકેશન કેટેગરીમાં ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સિટી ૧નો સમાવેશ.

# ભારતના શ્રેષ્ઠ ડેસ્ટિનેશન વેડિંગ લોકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ કરાયો

### ગુજરાતમાં એકમાત્ર નર્મદા નદી કાંઠે અદભૂત કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલું સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સિટી ૧ બેસ્ટ ડેસ્ટિનેશન વેડિંગ સ્થળ બન્યું.



રાજપીપળા,તા.૨૬

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલ રાજ્યભરના લોકો ફરવા માટેનું ફેવરિટ સ્થળ બની ગયું છે.રાજ્યના જ નહીં પણ દેશભરમાંથી લોકો સરદારની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા અને અલૌકિક કુદરતી સૌંદર્ય નિહાળવા માટે કેવડીયા આવી રહ્યા છે.તેવામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની કલગીમાં વધુ એક છોગુ ઉમેરાયું છે.

ભારતના શ્રેષ્ઠ ડેસ્ટિનેશન વેડિંગ લોકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતના બેસ્ટ ડેસ્ટિનેશન્સ લોકેશન ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સિટી ૧ નો સમાવેશ કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ મેગેઝિનમાં સ્થળ તરીકે સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.ગુજરાતમાં એકમાત્ર નર્મદાકાંઠે અદભૂત કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલું સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સિટી ૧ બેસ્ટ ડેસ્ટિનેશન સ્થળ બન્યું છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી સિવાય મસુરી, રાજસ્થાનના રાજા શાહી પેલેસ, કોચી અને ભારતના અલગ-અલગ પર્યટન સ્થળ પર આવેલા શાનદાર પેલેસ બાદ હવે નર્મદા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સીટી ૧ નો પણ વેડિંગ ડેસ્ટિનેશન તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.આમ ઈન્ટરનેશનલ મેગેઝિનમાં ચમક્યા બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી ગુજરાત નહી પણ દેશ-વિદેશના લોકો માટે લગ્નને યાદગાર બનાવવાનું એક અલૌકિક અને અવિસ્મરણીય ડેસ્ટિનેશન બની રહેશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

### વડીયા ગ્રામ પંચાયતની હદમાં આવેલ

# વાસુ હેરિટેજ બિલ્ડીંગનું પાણી છેલ્લા બે મહિનાથી જાહેર રસ્તા પર છોડાતા પ્રજા ત્રાહિમામ



રાજપીપળા,તા.૨૬

રાજપીપળા ખાતે વડીયા ગ્રામ પંચાયતની હદમાં આવેલ વાસુ હેરિટેજ બિલ્ડીગ નું પાણી છેલ્લા બે મહિનાથી જાહેર રસ્તા પર છોડાતા પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. કાળિયાભૂત વિસ્તારમાં વડીયા ગામની હદમાં આવેલ વાયુ કોમ્પલેક્ષ જેમાં ૮૦ જેટલા ફ્લેટ અને ૨૦ જેટલી દુકાનો આવેલ છે.જેમાં અહીંના બિલ્ડર દ્વારા ગંદા પાણીના નિકાલ માટે તેવી વ્યવસ્થા કરેલ નથી. જેને કારણે આ પાણી સરેઆમ રસ્તા પર છોડી દેવામાં આવે છે અગાઉ વડીયા પેલેસ સરકારી વસાહતની ગટર લાઇનમાં ગેરકાયદેસર જોડાના આપી પાણીની વ્યવસ્થા કરેલ હતી,પરંતુ હાલમાં જ સરકારી વસાહતની ગટર વ્યવસ્થા મોટી કરી ગેરકાયદેસર જોડાણો કાપી નાખવામાં આવ્યા હતા.જેને બે મહિના જેટલો સમય થઈ ગયો છે. ત્યારથી આખા કોમ્પ્લેક્સનો ગંદુ પાણી જાહેર રસ્તાઓ પર વહી આવે છે.

કોરોના કાર્ડમાં લોકોના સ્વાસ્થ્યને લઈને સરકાર આટલી જાગૃતિ ફેલાવી રહી છે. ત્યારે આ ગંદા પાણીથી મચ્છર અને જીવજંતુઓનો ત્રાસ આસપાસના રહીશો ભોગવી રહ્યા છે. સાથે સાથે અસહ્ય દુર્ગંધ મારતું આ પાણી બીજા અનેક રોગો ફેલાવે તેમ હોય તાત્કાલિક આ પાણી બંધ કરાવવા કલેકટર નર્મદા પગલા લે તે જરૂરી છે. વડીયા ગ્રામ પંચાયત દ્વારા પણ અનેક વખત સૂચના આપવા છતાં આ માથાભારે બિલ્ડર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. અને લોકોના સ્વાસ્થ્ય અને જીવન સાથે ચેડા કરી રહ્યા છે.આ બાબતે આરોગ્ય વિભાગ પણ સક્રિય થઇ સત્વરે પગલા ભરે એમ લોકો ઇચ્છી રહ્યા છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

# મોડાસા લો કોલેજમાં કુપોષણ દૂર કરવા વ્યાખ્યાન યોજાયું



અરવલ્લી બ્યુરો મઠવાસ

શ્રી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી એન.એસ.પટેલ લો કૉલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા યુનિવર્સિટીના આદેશાનુસાર પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં કુપોષણના વ્યાપ પર વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું, લૉ કૉલેજમાં યોજાયેલા પોષણ પખવાડિયા અંતર્ગત કાર્યક્રમમાં ન્યુટ્રીશન અંગે અગમ ફાઉન્ડેશનના અધ્યક્ષા હેતલ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન સાંભળવા માટે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ.રાજેશ વ્યાસ, ડૉ. સોનિયા જોષી, વકીલ એમ.એ. ઈપ્રોલિયા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર પ્રો.ડૉ.અલ્પાબેન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.

### મોડાસા મામલતદાર કચેરીની મહિલા કર્મચારી કોરોનાગ્રસ્ત

# મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા ૫૦ જેટલા કર્મચારીઓના રેપીડ ટેસ્ટ કરાયા



અરવલ્લી બ્યુરો મોડાસા

રાજયભરમાં કહેર મચાવનાર કોરોના વાયરસનું સંક્રમણ બંને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યુ છે.અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં કોરોનાનો ફૂંફાડો જોવા મળી રહ્યો છે જીલ્લા સેવાસદન પરિસરમાં અધિકારીઓ અને કર્મચારીઓમાં કોરોના વકરતા અધિકારીઓ કર્મચારીઓ અને અરજદારોમાં ફફડાટ ફેલાયો છે જીલ્લા કલેકટર કચેરી પરિસરમાં આવેલ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા મહિલા કર્મચારી કોરોનામાં સપડાતા આરોગ્ય તંત્ર દોડતું થયું હતું અને મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓના રેપીડ ટેસ્ટ કરવા તજવીજ હાથધરી હતી રેપિડ ટેસ્ટમાં અન્ય કોઈ કર્મચારીમાં સંક્રમણ ન હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી .

અરવલ્લી જીલ્લાની સરકારી કચેરીઓમાં કોરોનાએ દસ્તક દીધી છે જીલ્લામાં સરકારી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ સતત કોરોનાગ્રસ્ત બની રહ્યા છે મોડાસા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતી મહિલા કોરોનાગ્રસ્ત બનતા મામલતદાર કચેરીમાં આરોગ્ય તંત્રએ સૅનેટાઇઝ કરી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓના સાવચેતીના ભાગરૂપે રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા મામલતદાર કચેરીમાં અરજદારો અને લોકોના ટોળેટોળા ઉમટી રહ્યા હોવાની સાથે કેટલાક કર્મચારીઓ અને અરજદારો પણ સરકારે જાહેર કરેલ કોવીડ-૧૯ ની ગાઈડલાઇનનો સરેઆમ ભંગ થઇ રહ્યો હોવાથી કોરોનાનું સંક્રમણ વધુ ફેલાઈ શકે છે જીલ્લા સેવાસદન કચેરી અને પરિસરમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા સરકારે જાહેર કરેલ ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલવારી કરાવવામાં આવે તે જીલ્લા સેવાસદન કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ,કર્મચારીઓ અને અરજદારો માટે હિતાવહ રહેશે મામલતદાર કચેરીમાં કામકાજ અર્થે જનાર લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે

### RTPCR ટેસ્ટમાં નેગેટીવ આવેલ વ્યક્તિઓને જ ધનસુરા ચેકપોસ્ટ પરથી ગુજરાતમાં પ્રવેશ અપાશે

# ગુજરાત મહારાષ્ટ્રમાં કોરોના બેકાબૂ બનતા મહારાષ્ટ્રની બોર્ડર ધનસુરા આંતરરાજ્ય ચેકપોસ્ટ પર સઘન ચેકિંગ



રાજપીપલા,તા ૨૫

ગુજરાત મહારાષ્ટ્રમાં કોરોના બેકાબૂ બનતા મહારાષ્ટ્રની બોર્ડર ધનસુરા આંતરરાજ્ય ચેકપોસ્ટ પર સઘન ચેકિંગ શરૂ કરાયું છે જેમાં નર્મદા જિલ્લા પોલીસ-આરોગ્યતંત્ર દ્વારામહારાષ્ટ્રથી ગુજરાતમાં પ્રવેશતાં વાહનો-મુસાફરોનું થઇ રહેલું સઘન ચેકીગ-સ્કેનીગશરૂ કરાયું છે

નર્મદા જિલ્લા પોલીસ-આરોગ્યતંત્ર દ્વારા જિલ્લાની સરહદે સાગબારા તાલુકાના ધનશેરા આંતરરાજ્ય ચેકપોસ્ટ ખાતે મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશતાં વાહનો-મુસાફરોનું સઘન ચેકીગ અને સ્કેનીગ કરવામાં આવી રહ્યું છે. અને ૭૨ કલાક પહેલાં RTPCR ટેસ્ટ કરાવેલ હોય અને ટેસ્ટમાં નેગેટીવ આવેલ હોય તેવી વ્યક્તિઓને જ ધનશેરા ચેકપોસ્ટથી ગુજરાતમાં પ્રવેશ આપવાની રાજ્ય સરકારની સૂચનાઓનું ગઇકાલ તા.૨૪ મી માર્ચ, ૨૦૨૧ ની રાત્રિથી જ ચૂસ્ત અમલ કરવામાં આવી રહ્યો છે. આ અંગે નર્મદા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા નંદુરબારના કલેક્ટર અને ડીએસપીને પણ જાણકારી અપાઇ છે. જલ્લા કલેક્ટર ડી.એ.શાહે જિલ્લાના નાગરિકોને કોરોનાના સંક્રમણને અટકાવવા કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા અમલી માર્ગદર્શિકાના ચૂસ્તપાલન સાથે પ્રજાજનોને અચૂક માસ્ક પહેરવાં, વારંવાર હાથ ધોવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા, સેનીટાઇઝેશન વગેરે અંગે ખાસ કાળજી અને તકેદારી રાખવા હ્રદયસ્પર્શી અપીલ કરી છે.

નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ પરમારે જણાવ્યું હતું કે, સાગબારા તાલુકાની ધનશેરા ખાતે આંતરરાજ્ય ચેકપોસ્ટ આવેલી છે જ્યાં રાજ્ય સરકારની સૂચના મુજબ મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશતાં વાહનો-મુસાફરોનું સઘન ચેકીંગ અને સ્કેનીંગ કરવામાં આવી રહ્યું છે, જેમાં ૭૨ કલાક પહેલાં ઈૅઝઇ ટેસ્ટ કરાવેલ હોય અને ટેસ્ટમાં નેગેટીવ આવેલ હોય તેવી વ્યક્તિઓને પ્રવેશ અપાશે. પોલીસ અને આરોગ્યતંત્રની ટીમ ૨૪ કલાક તૈનાત છે, તદઉપરાંત દેડીયાપાડા, ગરૂડેશ્વર, તિલકવાડા જેવા તાલુકા પ્લેસ તેમજ રાજપીપલા ટાઉનમાં માસ્ક ન પહેર્યા હોય તેવા લોકો સામે માસ્કની ઝૂંબેશ ચાલુ રાખવામાં આવેલી છે. સરકારની માર્ગદર્શિકા મુજબ માસ્ક પહેરવાં, વારંવાર હાથ ધોવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની તેમણે અપીલ કરી છે.

નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપે જણાવ્યું હતું કે, હાલ કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજપીપલા નગરપાલિકાની અંદર માસ્ક પહેર્યું ન હોઇ તેવા વ્યક્તિઓને દંડ કરવામાં આવે છે તેમજ જે દરદી હોમ આઇસોલેશનમાં હોય તેવાં દરદી ઘરની બહાર ન જાય તે માટે તેમના ઘરની બહાર GRD અને હોમગાર્ડઝની વ્યવસ્થા કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ કે મહારાષ્ટ્રમાંથી આવેલ કોઇપણ વ્યક્તિ RTPCR ટેસ્ટ ૭૨ કલાકની અંદર કરાયેલ હોય તો જ માન્ય ગણાશે અને જે વ્યક્તિઓએ RTPCR ટેસ્ટ કરાયેલ ન હોય તેવા લોકોને એન્ટ્રી આપવામાં આવશે નહી. સાગબારાની ધનશેરા ચેકપોસ્ટ પરથી ગઇકાલ રાત્રિથી જાહેરનામાની અમલવારી ચાલુ કરી દીધી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.